


"અરે પાછુ મરાઠાવાડમાં આંદોલન હિંસક બન્યુ. બહુ ખોટુ થાય છે."

"હા... હા... હિંસા ના થવી જોઈએ. આંદોલન ભલે થાય."

"હા... હુ એ જ કહુ છુ, આંદોલન લોકશાહીનો એક ભાગ છે. રજૂઆતની એક પ્રક્રિયા છે, પરંતુ હિંસા સામાજિક જીવનને અસ્તવ્યસ્ત કરી નાંખે છે. એટલે રોકવી જ જોઈએ, કોઈ પણ ભોગે, કોઈ પણ સંજોગોમાં..."

"ખૂબ સાચી વાત છે, મારે તો ઉમેરવુ છે કે આ મોબ લીન્ચીંગના ટ્રેન્ડે ભારે ચિંતા ઉભી કરી છે. ૬૮-૬૮ માણસોએ જીવ ગુમાવ્યા છે. આ કેમ ચાલે..?"

"ના જ ચાલે અને ના જ ચાલવુ જોઈએ. સરકારે કડક હાથે દાબી દેવુ જોઈએ. કોઈપણ મુદ્દા હોય પણ કોઈનો જીવ લેવાનો કોઈને અધિકાર નથી."

"હું એ જ કહુ છુ. ક્યાં ગયા માનવ અધિકારની વાતો કરવાવાળા..? ક્યાં ગયા શાંતિના ચાહકો..? અને ક્યાં છે પેલા કોમી એખલાસની ચર્ચાઓ અને ચિંતનો કરનારા..?"

"હં...હં... ખુલ્લા પાડવા જોઈએ. સરકારો એકબીજા પર જવાબદારી ઢોળે છે. કોર્ટ લાલ આંખ કરે છે. સમાજ ચિંતા કરે છે, પણ માણસ રહેંસાય છે. ક્યાં સુધી આમ ચાલશે અને કેટલી હદ સુધી આ વકરવા દેવુ છે..?"

"સરકારે જ પહેલ કરવી જોઈએ ને... રાજકારણથી પર જઈને પ્રજા રક્ષણની જવાબદારી નિષ્ઠાપૂર્વક અદા કરવા પોલીસતંત્ર અને જરૂર પડે તો સુરક્ષાદળોને કડક સૂચના આપવી જોઈએ."

"... પણ ઈચ્છા શક્તિ જોઈએ ને..?"

"જો ભાઈ આ મુદ્દો ગંભીર અને સામાજિક છે. માનવતાનો છે એટલે આમાં આપણે રાજકારણ ન લાવીએ, ચર્ચામાં પણ નહીં."

"ઓ... હો... ખૂબ ગંભીર થઈ ગયા સાહેબ..."

"અરે ભાઈ ગંભીર થવુ જ પડે ને. જુઓ તો ખરા રોજ સવારે ઘરને આંગણે આવતા અખબારો લોહીથી લથબથ હોય છે. અહીં હિંસા થઈ, ત્યાં હિંસા થઈ, અહીં કોઈ મોતને ભેટ્યુ... ત્યાં કોઈ મોતને ભેટ્યુ..! ક્યાંક હત્યા, તો ક્યાંક આત્મહત્યા, ક્યાંક રમખાણ તો ક્યાંક મોબ લીન્ચીંગ..!"

"સાવ સાચી વાત કરો છો હો. રોજ નકારાત્મક સમાચારોથી છલકતા માધ્યમોથી આરંભાતો દિવસ આખો વ્યથિત પસાર થાય છે. કંઈક ઉપાય કરવો પડશે."

"શુ તમે ઉપાય ઉપાય કરો છો. દુનિયા સુધારવાની વાત રહેવા દો. આપણે આપણી દૃષ્ટિ બદલીશુ તો આપોઆપ બધુ જ બદલાતુ જશે."

"કંઈક તો કરવુ જ પડશે ને અને કોઈકે તો કરવુ જ પડશે ને..?!"

"સાચી વાત છે. સમસ્યા ગહેરી છે, સાધનો ટાંચા છે પણ કશુક કરવુ જોઈએ એ વાત સાથે સંમત..."

"વાહ... આ હકારાત્મકતાનો પ્રભાવ પ્રત્યક્ષ અનુભવાયો."

"ચાલો, કાલે ગુરૂ પૂર્ણિમા છે. ગુરૂજીના આશિર્વાદ લઈ નવું કંઈક વિચારીએ એમ જ ને..!

'હા, ગુરૂ ગોવિંદ દોનો ખડે, કીસકો લાગુ પાય...બલિહારી ગુરૂદેવકી..."

'અરે વાહ..., શુભષ્ય શીઘ્રમ..., હું પણ મારી દૃષ્ટિ બદલીશ, તમે પણ બદલજો, આપણે સૌ બદલીશું... તો સમાજ બદલાશે...'

"હા... સાહેબ... હા..!"



ગૌરીવ્રત પૂજન - શહેરમાં કુંવારીકાઓ ભાવપૂર્વક ગૌરીવ્રતના પૂજન-અર્ચન કરે છે... ઉત્સાહપૂર્વક ઉજવાતા ગૌરીવ્રતમાં બાલિકાઓ વહેલી સવારે પૂજન-અર્ચન કરે અને સાંજે બાગ-બગીચામાં હરવા-ફરવા જાય... આ પરંપરાગત પર્વની ઉજવણી શહેરીકરણના આક્રમણ છતાં પણ જળવાઈ રહી છે એ ભારતીય સંસ્કૃતિની તાકાત છે...

# ન્યુ ગાંધીનગર પંથકમાં ડેન્ગ્યુના કેસો દેખાયા

**તંત્ર હરકતમાં આવ્યુ : આ પંથકની સોસાયટીઓના પ્રમુખ-મંત્રીઓ સાથે ૩૦મીએ રાત્રિ સભા યોજાશે : બે સાઈટ સંચાલકોને આખરી નોટીસ અપાઈ**

ગાંધીનગર, તા. ૨૫

ન્યુ ગાંધીનગર વિસ્તારમાં ડેન્ગ્યુના કેસોએ દેખા દેતાં જિલ્લા આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યુ છે અને આ વિસ્તારની તમામ સોસાયટીના પ્રમુખ-મંત્રીઓની આગામી ૩૦મીએ એક મહત્વની રાત્રિ સભાનું આયોજન કરવામાં આવ્યુ છે.

ન્યુ ગાંધીનગર વિસ્તાર વિકાસમંડળ અને જિલ્લા મેલેરિયા તંત્રના સંયુક્ત ઉપક્રમે ૩૦મીએ આ બેઠક બોલાવવામાં આવી છે. આ વિસ્તારમાં ૧૦૦થી વધુ કન્સ્ટ્રક્શન સાઈટો આવેલી છે તેમજ ૮૯ જેટલી સોસાયટીઓમાં હાલ રહીશો દ્વારા વસવાટ કરવામાં આવી રહ્યો છે.

કુડાસણની કાનમ રેસિડેન્સીમાંથી ૪ કેસ ડેન્ગ્યુના મળી આવ્યા બાદ આ વિસ્તારોમાં સર્વેક્ષણ દરમ્યાન મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા હતા. આ પછી હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ દરમ્યાન પણ પુનઃ બ્રિડીંગ મળતાં તંત્ર ચોંકી ઉઠ્યુ હતુ.

તાજેતરમાં હાથ ધરાયેલ સર્વેક્ષણમાં બ્રિડીંગ મળતાં એકથી બે સાઈટ્સના સંચાલકોને આખરી નોટીસ ફટકારવામાં આવી હોવાનું પણ તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

આ પછી તંત્રએ હવે આ

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લો દુષ્કાળના ભય તળે દિવસો પસાર કરી રહ્યો છે : ખેડૂતો-તંત્ર ચિંતાતુર

**૨૦૧૨-૧૩માં આવી સ્થિતિ હતી : વરસાદની હવે શક્યતાઓ નહિવત્ હોવાનું માનતા ખેડૂતો**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં ચોમાસાનું આગમન લંબાઈ જતાં દુષ્કાળગ્રસ્ત વિસ્તાર જેવી સ્થિતિ તરફ જિલ્લો ઢસડાઈ રહ્યો છે. ૨૦૧૨-૧૩માં પણ આવી જ સ્થિતિ હતી અને ત્યારે જિલ્લાનો સમાવેશ અસરગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરાયો હતો. જોકે પાછોતરો વરસાદ સારો થતાં પાછળથી આ જાહેરાત સરકારે પરત ખેંચી હતી.

જિલ્લામાં ચોમાસાના આગમનમાં થયેલા વિલંબને કારણે હવે ખેડૂતોએ પણ ખેતરો કોરા રાખવા માટે એક તરફ મન બનાવ્યુ છે. તો બીજી તરફ જિલ્લામાં દુષ્કાળના ડાકલા વાગી રહ્યા હોવાથી તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

જિલ્લાના ત્રણ તાલુકામાં પણ છુટોછવાયો પાંચ ઈંચ વરસાદ નોંધાયો છે પણ તે ખેતી માટે પુરતો નથી તો માણસા તાલુકામાં તો હજુ પાંચ ઈંચ વરસાદ પણ નોંધાયો નથી.

મળતી વિગતો પ્રમાણે જે બંગાળના ઉપસાગરમાંથી આવેલી સિસ્ટમ મધ્યપ્રદેશ તરફ ફંટાઈ

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા ડીએસપી વિરેન્દ્રસિંહ યાદવ બદલાયા : મયુર ચાવડા નિમાયા

**રાજ્યના ૬૬ આઈપીએસ અધિકારીઓની બદલી : ગાંધીનગર એસ.પી વિરેન્દ્રસિંહ યાદવની સીઆઇડી ક્રાઇમમાં બદલી: ઇન્ટેલિજન્સ એસ.પી મયુર ચાવડા ગાંધીનગર જિલ્લાના નવા પોલીસ વડા : એએસપી વિજય પટેલને અમદાવાદ સીટી કંટ્રોલમાં ડીસીપી તરીકે મુકાયા**



એસપી રેન્કના આઈપીએસ અધિકારીઓની બદલીના ઘણા સમયથી ભણકારા લાગી રહ્યા હતા ત્યારે આજે મોડી સાંજે આખરે બદલીના આદેશ કરી દેવામાં આવ્યા છે. રાજ્યના ૬૬ આઈપીએસ અધિકારીઓની બદલી થવા પામી છે જેમાં મોટાભાગના જિલ્લાઓના એસ.પીની બદલી થવા પામી છે. ગાંધીનગર જિલ્લા પોલીસ વડા વિરેન્દ્ર સિંહ યાદવની પણ બદલી થવા પામી છે. વિરેન્દ્રસિંહ યાદવ ને ગાંધીનગર સીઆઈડી ક્રાઈમ ખાતે મૂકવામાં આવ્યા છે જ્યારે ઈન્ટેલિજન્સમાં ફરજ બજાવતા એસ.પી મયુર ચાવડાને ગાંધીનગર જિલ્લામાં પોસ્ટિંગ આપવામાં આવ્યું છે. તો બીજી તરફ ગાંધીનગર જિલ્લા એએસપી વિજય પટેલને અમદાવાદ સિટી કંટ્રોલરૂમમાં ડીસીપી તરીકે મૂકવામાં આવ્યા છે.

# સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૧૮ પૂર્વે ગ્રામ્ય વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન જરૂરી

**અસરકારક મોનીટરીંગના અભાવ અને આરોગ્ય-શૈક્ષણિક સંકુલોની આસપાસની ગંદકી સામે ડીડીઓએ નારાજગી વ્યક્ત કરી**

ગાંધીનગર, તા. ૨૫

૩૧મી જુલાઈ પહેલાં જિલ્લાના તમામ ગામોમાં સ્વચ્છતા અભિયાનનો પ્રથમ તબક્કો પૂર્ણ કરવા માટે આજે જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયાએ કડક સુચનાઓ આપી છે.

આગામી ૧લી ઓગષ્ટથી જિલ્લામાં ગ્રામીણ સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૧૮ શરૂ થઈ રહ્યુ છે ત્યારે જિલ્લો સ્વચ્છતા અભિયાનમાં અવ્વલ નંબરે આવે તે માટે આજે કડક તાકીદે અધિકારીઓની બેઠકમાં કરવામાં આવી હતી.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નેજા હેઠળ બોલાવાયેલ આ બેઠકમાં બોલતાં જિલ્લા વિકાસ અધિકારીએ જણાવ્યુ હતુ કે ગ્રામીણ વિસ્તારોમાં હજુ પણ સ્વચ્છતા અંગે સંતોષકારક કામગીરી થતી નથી તે દુઃખદ બાબત છે.

● અનુસંધાન પાન-૭ પર

# મેયર-સીટી ઈજનેર લખનૌમાં સ્માર્ટસીટી અંગે સેમિનારમાં ભાગ લેશે

ગાંધીનગર, તા. ૨૫

સ્માર્ટસીટી પ્રોજેક્ટનું ત્રીજુ વર્ષ સંપન્ન થતાં લખનૌ ખાતે યોજાયેલ રાષ્ટ્રીય સમીટમાં ભાગ લેવા ગાંધીનગર મનપાના પ્રતિનિધિઓ જશે.

૨૭ થી ૨૮ જુલાઈ દરમ્યાન લખનૌ ખાતે યોજાનાર આ રાષ્ટ્રીય સમીટમાં ગાંધીનગર મનપાના મેયર પ્રવિણભાઈ પટેલ તથા સીટી ઈજનેર ભરતભાઈ પંડ્યા આજે રવાના થશે.

૨૬મીએ આ સમીટ માટે પહોંચવુ જરૂરી હોવાથી આ બન્ને પ્રતિનિધિઓ હવાઈમાર્ગે લખનૌ પહોંચશે. ૨૭મીએ સવારે આ સમીટનો પ્રારંભ થશે અને સમાપન સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિશેષ ઉપસ્થિત રહેનાર છે.

આ રાષ્ટ્રીય સેમિનારમાં સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત વિવિધ ગૃપોમાં વિવિધ પ્રોજેક્ટો પર મંથન કરવામાં આવનાર છે. રાજ્યના ૮ શહેરો આ પ્રોજેક્ટ માટે પસંદગી પામેલા છે જે નોંધનીય છે.

ગાંધીનગર શહેરમાં સ્માર્ટસીટી પ્રોજેક્ટ અંતર્ગત ગ્રાન્ટનો પ્રથમ હપ્તો મળી ચુક્યો છે જે ઉલ્લેખનીય છે.

આ પ્રોજેક્ટમાં સ્માર્ટસીટી, અમૃતમ યોજના સહિતના પાસાંઓ પર વિચાર વિમર્શ થનાર છે.

# જિલ્લા વન મહોત્સવ અંતર્ગત ૨૨ લાખથી વધુ રોપાઓનુ વાવેતર કરાશે

ગાંધીનગર તા ૨૫

વન વિભાગ દ્વારા નગરને હરિયાળુ બનાવવા માટે ચોમાસા દરમિયાન નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. જયારે વન મહોત્સવની ઉજવણી દરમિયાન પણ જિલ્લામાં લાખો રોપાઓનુ વાવેતર કરવામાં આવે છે. આગામી તા ૨૯ જુલાઈના રોજ ચંદ્રાલા ખાતે સ્થિત સી કે પટેલ વિદ્યાલય ખાતે સવારે ૮ : ૩૦ કલાકે જિલ્લા કક્ષાના વન મહોત્સવની ઉજવણી કરાશે. આ વન મહોત્સવ દરમિયાન જિલ્લામાં ૨૨ લાખ થી વિવિધ જાતના રોપાઓની વાવણી કરવાનો લક્ષ્યાંક સિધ્ધ કરાશે તેમ પણ નાયબ વન સંરક્ષક અતુલ અમીને જણાંવ્યુ છે.

**આગામી ૨૯ જુલાઇના રોજ ચંદ્રાલા ખાતે જિલ્લા કક્ષાના વન મહાત્સવની ઉજવણી કરાશે : જિલ્લાની ૧૫ જેટલી નર્સરીઓ દ્વારા નીલગીરી, અરડુસો, લીમડો, બાંગાળી બાવળ, સાગ તેમજ અન્ય ફળાઉ ફુલછોડ સહીતના લાખો રોપાઓનુ વિતરણ કરાશે**

વરસાદી દિવસોમાં વનતંત્ર દ્વારા હરિયાળા ગાંધીનગરમાં નવા રોપાઓની વાવણી કરી ગ્રીન સીટીના કન્સેપ્ટને વધુ મજબુત બનાવાનો પ્રયાસ કરવામાં આવે છે. શહેર ઉપરાંત જિલ્લામાં પણ નવા રોપાઓનુ વાવેતર કરવામાં આવે છે. જયારે જિલ્લામાં પ્રતિવર્ષ વન મહોત્સવની ઉજવણી અંતર્ગત પણ લાખો રોપાઓની વાવણી કરવામાં આવે છે. આ વર્ષે પણ આગામી તા ૨૯ જુલાઈના રોજ ચંદ્રાલા ખાતે જિલ્લા કક્ષાના વન મહોત્સવની ઉજવણી કરવામાં આવશે.વનવિભાગ દ્વારા જિલ્લા કક્ષાના વન મહોત્સવની ઉજવણી આગામી તા ૨૯ જુલાઈ ના રોજ સવારે ૮ : ૩૦ કલાકે ચંદ્રાલા સી કે પટેલ વિદ્યા સંકુલ ખાતે યોજવામાં આવશે. આ તબક્કે જિલ્લા પ્રભારી ભરત પટેલ ઉપસ્થિત રહેશે. આ અંગે નાયબ વનસંરક્ષક અતુલ અમીને માહીતી આપતા જણાંવ્યુ હતુ કે ચાલુ વર્ષે ૧૫ નર્સરીમાં ૨૨ લાખ કરતા વધુ વૃક્ષોનુ વિતરણ હાથ ધરાશે.

● અનુસંધાન પાન-૭ પર

**બેસણું**



મારા ધર્મ પત્ની રઈબેન મથુરભાઈ પટેલ તા. ૨૪/૦૭/૨૦૧૮ને મંગળવારના રોજ દેવલોક પામ્યા છે. સદ્ગતનું બેસણું તા. ૨૬/૦૭/૨૦૧૮ને ગુરૂવારના રોજ નીચેના સ્થળે અને સમયે રાખેલ છે.

**દેલવાડા** આનંદવાડી, મું. દેલવાડા, તા.માણસા, સમય : સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ કલાકે

**ગાંધીનગર** ઉમિયામાતા મંદિર હોલ, સેક્ટર-૧૨, સમય : સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાકે

લિ.મથુરભાઈ ગણેશદાસ પટેલ (માજી.સરપંચ-દેલવાડા)

સ્વ.પટેલ ચુનીભાઈ ગણેશદાસ (માજી.ધારાસભ્ય)
પટેલ મણીભાઈ ગણેશદાસ
પટેલ બાબુભાઈ ગણેશદાસ
પટેલ નવીનભાઈ ચુનીલાલ
પટેલ અશોકભાઈ મથુરભાઈ (બાદશાહ)
પટેલ વાસુદેવ મથુરભાઈ (લાલભાઈ દાઢી)
પટેલ દિપકકુમાર મથુરભાઈ

ફર્મ : શક્તિ ટ્રેડર્સ, સે-૨૧, ગાંધીનગર મો. ૯૭૩૭૧૯૬૭૩૯, મો. ૯૮૨૫૩૭૦૦૯૩

**ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા લેવાયેલ લેખીત પરિક્ષા બાબતે માર્ગદર્શન**

તા. ૧૭.૦૭.૨૦૧૮ ના રોજ વર્ગ-૩ ની જુદી-જુદી જગાઓ જેવી કે વાયરમેન, પશુધન નિરીક્ષક, મ્યુ. સેનેટરી ઈન્સ્પેક્ટર તથા અન્ય જગાઓ માટે કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી ટેસ્ટની પરિક્ષાની તારીખો જાહેર થયેલ છે.

૧. આ પરિક્ષા આપવા SC, ST, SEBC તથા PH એમ બધા ઉમેદવાર માટે લઘુત્તમ ગુણ ૪૦ નક્કી કરાયેલ છે જે નિયમ વિરૂધ્ધનું છે. આ છૂટછાટ માટે સુપ્રીમ ઓથોરીટી સમક્ષ રજુઆત કરવાની હોઈ ૪૦ ટકાથી ઓછા ગુણ ધરાવનાર રસ ધરાવનાર ઉમેદવારોએ માર્ગદર્શન માટે અગાઉથી સમય મેળવી રૂબરૂ મળવું.

૨. નોકરીના કામે રાજ્યની અથવા રાજ્ય બહારની UGC માન્ય યુનિ. એ UGC ની માન્યતા તેમજ કોર્સની માન્યતા બાબતે સત્યતા પ્રસ્થાપિત કરવાની હોય છે. આમ કરવામાં નિષ્ફળ જનાર ઉમેદવારને નોકરી મળતી નથી અને ફરીયાદ દાખલ થાય છે. તાજેતરમાં સરકાર તરફથી હિમાલયન યુનિ., ઈટાનગર, Calorx યુનિ., અમદાવાદ, માનવભારતી યુનિ., સોલન, OPJS Uni. રાજસ્થાન, વિનાયકા મિશન્સ યુનિ., તામીલનાડુ, સનરાઈઝ યુનિ. રાજસ્થાન, કર્ણાટક સ્ટેટ ઓપન યુનિ. મૈસુર માંથી લાયકાત મેળવેલ ઉમેદવારો સામે સરકારશ્રીએ તપાસ કરેલ હતી. જેથી માત્ર UGC ની માન્યતાવાળી યુનિ. ના પ્રમાણપત્ર હોવાને કારણે નોકરી મળી જાય તેવું નથી. નોકરી મેળવનારે સરકાર દ્વારા માંગેલ જે તે ડોક્યુમેન્ટ્સ પુરા પાડી જે તે યુનિ. ની સત્યતા પ્રસ્થાપિત કરવી પડે છે. અન્યથા પોલીસ ફરીયાદ દાખલ થતી હોય છે. આ અંગે વધુ જાણકારી માટે સરકારશ્રીનો તપાસ અહેવાલ, રાજ્યની દાંતિવાડા એગ્રીકલ્ચર યુનિ. નો કાઉન્સીલનો ઠરાવ, સરકારશ્રીના પશુપાલન ખાતાના સચિવશ્રીનો નિર્ણય તથા ગુજરાત હાઈકોર્ટ તેમજ સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ રૂબરૂ જોવા હોય તો અગાઉથી સમય મેળવી મુલાકાત કરી શકો છો.

લોર્ડ ક્રિશ્ના ટ્રસ્ટ દ્વારા જાહેર હિતમાં પ્રસ્તુત.

**આર. એમ. પટેલ,** બ્લોક નં. સી-૧૦, શ્રીજીબાપા કોમ્પલેક્ષ, સ્વામીનારાયણ મંદિર સામે, બસ સ્ટેન્ડ પાસે, બેરેજ રોડ, વાસણા, અમદાવાદ. M. 9904377825

**ભાડે / વેચાણ આપવાના છે**

**ભાડે :**
● ફ્લેટ 3BHK PDPU રોડ, ફેમિલી માટે ● બંગ્લો - સે.૮, 4BHK ઓફીસ/ફેમિલી માટે

**વેચાણ :**
● ફ્લેટ 2BHK સૌંદર્ય-૪૪૪, ખ રોડ ● ફ્લેટ - ગ્રા.ફ્લોર 2BHK સે.૨૯, ચ-૬ પાસે. ● ફ્લેટ 3BHK ૧૭૦ વાર પ્રતિક મોલની સામે. ● બંગલો - પ્લોટ ૨૦૦ વાર 3BHK કુડાસણ

**ભાડે / વેચાણ જોઈએ છે.**
ફ્લેટ / ટેનામેન્ટ / બંગલા સે.૧ થી ૩૦, સરગાસણ, કુડાસણ, રાયસણ, રાંદેસણ, વાવોલ.

THE SPACE
9328801440
9328701440

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

**હાર્દિક અભિનંદન**



" કમાન્ડર ઓફ ઈન્સ્યુરન્સ "
સરગાસણ શાખા
સમગ્ર ભારતમાં ૮ માં નંબરે...

બેંક ઓફ બરોડા સરગાસણ શાખા મેનેજર શ્રી યશેષ વૈષ્ણવ, ગૌરબ દાસગુપ્તા અને સુ.શ્રી વૈદેહી વૈષ્ણવને કોચી મુકામે તારીખ ૨૭/૭/૨૦૧૮ થી ૨૯/૭/૨૦૧૮ દરમ્યાન ટાટા એ.આઈ.જી. ઈન્સ્યુરન્સ અને બેંક ઓફ બરોડાના સંયુક્ત ઉપક્રમે યોજાનારા એવોર્ડ સમારંભ માટે પસંદગી પામવા બદલ હાર્દિક શુભેચ્છા...

ધવલ શાહ | મયુર વસાવડા
કિન્નરી શાહ | મહેન્દ્રસિંહ ઝાલા
મયુર મહેતા | નિખિલ ભટ્ટ

www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ®**

AN ISO 9001:2008 Certified Company

**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com